**શ્રી એન. એ. ઈજનેર, પ્રમુખ અધિકારી, મજૂર અદાલત નં. ૧, અમદાવાદ સમક્ષ**
**રેફરન્સ (એલ.સી.એ.) નં. ૯૩ / ૨૦૧૭**

મે.મુખ્ય ન્યાયાધીશશ્રી,
(અમદાવાદ ગ્રામ્ય) મીરઝાપુર,
મીરઝાપુર, અમદાવાદ. ... **પ્રથમ પક્ષકાર**

**વિરૂધ્ધ**

શ્રી મકવાણા કાંતાબેન કેશાભાઈ
ભંગીવાસ, મુ.પો.તા.વિરમગામ, જી.અમદાવાદ.
ક/૦, અખીલ ગુજરાત જનરલ મઝદુર સંઘ,
બીજો માળ, અરબ ચેમ્બર્સ,
પત્થર કુવા, પેટ્રોલ પંપ સામે,
રીલીફ રોડ, અમદાવાદ. ... **બીજા પક્ષકાર**

**વિષય:–આઈ.ડી.એકટની કલમ–૧૦(૧) (સી) મુજબ ઔદ્યોગિક વિવાદ**

પ્રથમ પક્ષકાર તરફે : કોઈ હાજર નથી.
બીજા પક્ષકાર તરફે : વિ. પ્રતિ. શ્રી વી. કે. કાઝી

**–:: એ વો ર્ડ ::–**

**૧.** મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરી, અમદાવાદના તા. ૩૧/૮/૨૦૧૬ ના ક્રમાંક નાશ્રઆ/અવિ/વિ–૨/આઈડીઆર નં. ૧૦/૨૦૧૬(વુ.સે)/ ૧૫૪૧૬ ના પત્રથી બીજા પક્ષકાર શ્રી મકવાણા કાંતાબેન કેશાભાઈ નાએ આઈ.ડી.આર. કેસ નં. ૧૦/૨૦૧૬ અંતગર્ત બીજા પક્ષકારે પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા આનુસાંગિક લાભો સહીત મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત થવા ફરીયાદ કરેલી તેમાં સમાધાન શકય બનેલ નથી તેથી ઔધોગિક વિવાદ (સુધારા) અધિનિયમ ૨૦૧૦ કે જે કેન્દ્ર સરકાર ના શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા ક્રમાંક એસ.ઓ. ૨૨૭૮ (ઈ) થી તા.૧૯૫/૯/૧૦ ના રોજ અમલમાં આવેલ છે જેની કલમ ૩ થી સુધારેલ જોગવાઈ મુજબ ફરીયાદ સીધી મજુર અદાલત અમદાવાદ ને કરવાની સુચના આપવામા આવતા બીજા પક્ષકારે સીધો રેફરન્સ અદાલત સમક્ષ રજુ કરેલ છે.

**–:: અનુસુચિ ::–**

**મકવાણા કાંતાબેન કેશાભાઈ તેમની સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પગાર સાથે તેમની મૂળ જગ્યાએ નોકરીમાં પુન: સ્થાપિત કરવા જોઈએ કે કેમ?**

**૨.** આજ રોજ લોક અદાલત દરમિયાન બીજા પક્ષકારના વિધ્વાન પ્રતિનિધિશ્રીએ હાજર થઈ આંક – ૮ ની પુરસીસની વિગતે કેસ રી–ઓપન કરવાની શરતે, બીજા પક્ષકારે આપેલ ઓથોરીટીની રૂઈએ હાલનો કેસ પાછો ખેંચવાની પરવાનગી માંગેલ હોઈ, આથી તેઓને તે મુજબ પોતાનો કેસ પાછો ખેંચવાની પરવાનગી આપવામાં આવે છે. આ કામ વીડ્રોથી ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

તા. ૧૧/૦૯/૨૦૨૧
અમદાવાદ.

(નિલેશ અશોકભાઈ ઈજનેર)
**CODE–GJ00484**
પ્રમુખ અધિકારી
મજૂર અદાલત નં. ૧, અમદાવાદ.

R.C.GOHEL, P.A.